# ધોરણ - 6 સંસ્કૃત

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| **શ્રવણ** | | |
| Sn601 સરળ પદ્યો (સુભાષિતો પ્રહેલિકા અને ગીતો) અને ટૂંકાં વાક્યો સાંભળીને સમજે છે. | વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસારનાં<br>• સાદાં ક્રિયાપદો<br>• સુભાષિતો<br>• પ્રહેલિકાઓ<br>• ગીતો | સંસ્કૃત ભાષાનું અધ્યયન કરાવતી વખતે શ્રવણ, કથન, વાચન અને લેખન કૌશલ્યને વિકસિત કરવા અધ્યેતાને જોડી / જૂથ/ વ્યક્તિગત રીતે સમાવેશી વ્યવસ્થામાં તકો પૂરી પાડી નીચે પ્રમાણે થઇ શકે તે માટે પ્રેરવા.<br>• સાદી સૂચનાઓ, રોજિંદા શિષ્ટાચાર જેવી બાબતોને સંસ્કૃતમાં રજૂ કરી શ્રવણ અનુભવો પૂરા પાડવા. દા.ત. नमो नमः । ध्यानं ददातु । गीतं गायतु ।<br>• સંસ્કૃત ગીતો, સુભાષિતો, શ્લોક તથા મંત્ર વગેરેનું ગાન અને પઠન શુદ્ધ ઉચ્ચારણ સાથે વર્ગમાં તથા પ્રાર્થનાસભામાં કરાવવું.<br>• ટેપ, ડીવીડી, કમ્પ્યૂટર, મોબાઈલ દ્વારા ગીતો, સુભાષિતો તથા શ્લોકો વગેરેના ગાન તેમજ શ્રવણનો મહાવરો કરાવવો.<br>• ટૂંકાં વાકયોને અભિનય સાથે રજૂ કરાવવાં.<br>• ટીવી અને રેડીઓમાં આવતા સંસ્કૃતભાષાના સમાચારોનું શ્રવણ કરાવવું.<br>• ફ્લેશકાર્ડ ભીંતચિત્રો તેમજ અભિનય સાથે રજૂઆત કરીને રોજિંદી વસ્તુઓનો પરિચય તથા ભાષાક્રિડાનો શ્રવણ કૌશલ્યના વિકાસ માટે ઉપયોગ કરવો.<br>• ૧ થી ૧૨ સુધીની સંખ્યાની ફ્લેશ કાર્ડ દ્વારા અંક અને શબ્દમાં સમજ.<br>• ૧ થી ૧૦ ની સંખ્યાનું ગીત અભિનય સાથે રજૂ કરવું. (શિક્ષક આવૃત્તિ પાનાં નં-૨૧ )<br>• ભાષાક્રિડા કતિ રે કતિ રે.. રમત રમાડવી. (શિક્ષક આવૃત્તિ પાનાં નં-૨૦ ) |
| Sn602 સ્વપરિચયને લગતા ટૂંકા પ્રશ્નો સમજે છે. | • પરસ્પર અભિવાદન તેમજ પરિચયનાં વાક્યો | |
| Sn603 સાદાં વાક્યો સાંભળીને સમજે છે. | • સાદાં વાક્યો, આજ્ઞાર્થ, સૂચના, વિનંતી | |
| Sn604 1 થી 12 સુધીની સંખ્યા સાંભળીને સમજે છે. | • ૧ થી ૧૨ સુધીની સંખ્યાની સમજ | |
| Sn605 પૂર્ણ કલાકમાં સમય સાંભળીને સમજે છે. | • પૂર્ણ સંખ્યામાં સમયનું શ્રવણ | |

DRAFT

<table>
<tr><th>અધ્યયન નિષ્પત્તિઓ</th><th>અભ્યાસ બિંદુ</th><th>શીખવા શીખવવાની પ્રક્રિયા</th></tr>
<tr><td></td><td></td><td>• ઘડિયાળ દ્વારા પૂર્ણ સમયની (કલાકમાં) સમજનો મહાવરો કરાવવો.<br>• બાળગીતો, જોડકણાં તેમજ મનોરંજક કથાઓ ટૂચકાંઓ દ્વારા શ્રવણ કૌશલ્યના અનુભવો પૂરા પાડવા.</td></tr>
<tr><td>કથન</td><td></td><td></td></tr>
<tr><td>Sn606 સરળ પદ્યો (સુભાષિતો પ્રહેલિકા અને ગીતો) અને ટૂંકાં વાક્યો શુદ્ધ ઉચ્ચાર સાથે બોલે છે.</td><td>વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસારના<br>❖ સુભાષિતો<br>❖ પ્રહેલિકાઓ<br>❖ ગીતોનું શુદ્ધ ઉચ્ચારણ</td><td rowspan="5">• વર્ગખંડમાં વિદ્યાર્થીને બોલવાનો પૂરતો અનુભવ મળે તેવી વ્યવસ્થા કરવી જેમ કે પ્રાર્થના સભામાં મંત્રો, શ્લોકોનું વ્યક્તિગત તેમજ સમૂહગાન / પઠન કરાવવું.<br>• વર્ગખંડમાં વિદ્યાર્થી સાથે વાર્તાલાપ કરવો. किम्, कदा, कुत्र જેવા પ્રશ્ન વાચક સર્વનામો નો ઉપયોગ કરી ઉત્તર આપવા પ્રેરવા.<br>• બે જૂથ પાડીને તેમાં સામસામે સાદા પ્રશ્નો પૂછવાની અને ઉત્તરો મેળવવાની સ્પર્ધા કે રમત કથન કૌશલ્યના વિકાસ માટે યોજવી.<br>• વિદ્યાર્થીઓ પોતાના પરિચય વર્ગ સમક્ષ રજૂ કરે તેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવો.<br>• મૌખિક અભિવ્યક્તિના વિકાસ માટે દૃશ્ય –શ્રાવ્ય સાધનો, ચિત્રો તેમજ અન્ય સાધનોનો ઉપયોગ કરવો.<br>• સંસ્કૃતમાં સૂચનાઓ, દ્વિ-પદી, ત્રિ -પદી વાક્યો કથન સાથે અભિનય સાથે રજૂ કરાવવાં.<br>• ટૂંકાં વાકયોને કથન સાથે અભિનય સાથે રજૂ કરાવવા.<br>• ૧ થી ૧૨ સુધીની સંખ્યાની ફ્લેશ કાર્ડ દ્વારા અંક અને શબ્દમાં સમજ સાથે મહાવરો કરાવવો.<br>• સંખ્યા અને સમયનો વર્ગખંડમાં શુદ્ધ ઉચ્ચાર સાથેનો મહાવરો કરાવવો.<br>• ભાષાક્રિડા शृगालभ्राता शृगालभ्राता, कः समयः ? રમત રમાડવી.<br>• સુભાષિતો તથા શ્લોકો વગેરેના ગાન અને પઠન સ્પર્ધાનું આયોજન કરવું.</td></tr>
<tr><td>Sn607 સ્વપરિચય ને લગતા ટૂંકા પ્રશ્નોના મૌખિક ઉત્તર આપે છે.</td><td>• પરસ્પર અભિવાદન તેમજ પરિચયનાં વાક્યો</td></tr>
<tr><td>Sn608 સાદાં વાક્યો (બેથી ત્રણ શબ્દોવાળાં) બોલે છે.</td><td>• સાદાં વાક્યો, આજ્ઞાર્થ, સૂચના, વિનંતી સૂચક વાક્યો.</td></tr>
<tr><td>Sn609 1 થી 12 સુધીની સંખ્યા સમજીને બોલે છે.</td><td>• ૧ થી ૧૨ સુધીની સંખ્યાનું કથન</td></tr>
<tr><td>Sn610 પૂર્ણ કલાકમાં સમય સમજીને બોલે છે.</td><td>• પૂર્ણ સંખ્યામાં સમયનું કથન</td></tr>
</table>

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| Sn611 સરળ સાદાં શબ્દો અને વાક્યોનું શુદ્ધ ઉચ્ચારણ સાથે પઠન કરે છે અને સમજે છે. | વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસારના<br>• સાદાં શબ્દો અને વાકયોનું શુદ્ધ ઉચ્ચારણ સાથે પઠન | • સાદા સંવાદો તૈયાર કરી તેનું વાંચન રોલ પ્લેના સ્વરૂપમાં કરાવવું.<br>• વાચન ક્ષમતાના વિકાસ માટે ઉપયોગી હોય એવી ભાષાની રમતો વર્ગખંડમાં મુક્ત રીતે રમાડવી. જેમ કે જાદુઈ કોથળી માંથી ચિઠ્ઠી ઉપાડી જે શબ્દ આવે, વાક્ય આવે વાંચી સંભળાવવું<br>• ક્રિયાપદોના ફ્લેશ કાર્ડ બતાવવા, વિદ્યાર્થીઓ તેને વાંચે અને સમૂહમાં તે પ્રમાણે ક્રિયા કરે.<br>• વર્ગ અને શાળા કક્ષાએ સંસ્કૃત વાંચનની સ્પર્ધા યોજવી.<br>• વાંચનરૂચિ જગાડવા ફલક પર નવાં નવાં સુભાષિતો લખીને તેનું વાંચન અને ગાન કરાવવું.<br>• વિદ્યાર્થીઓ પાસે નામપદ અને ક્રિયાપદનાં કાર્ડને જોડીને વાંચન કરાવવું.<br>• વિસર્ગ, અનુનાસિક, હલન્તવાળા શબ્દોનું પઠન કરાવવું.<br>• ૧ થી ૧૨ સુધીની સંખ્યાનું વ્યક્તિગત અને સમૂહમાં વાંચન કરાવવું.<br>• સંખ્યા પઠનની ઓળખની રમત રમાડવી.<br>• ઘડિયાળના ઉપયોગથી પૂર્ણ સંખ્યામાં સમયનું વાંચન કરે. |
| Sn612 સરળ વાક્યો, સૂક્તિઓ, અને સુભાષિતોમાં આવેલ વિસર્ગ અને અનુસ્વારવાળાં પદોનું શુદ્ધ વાંચન કરે છે. | • સરળ વાક્યો, સુભાષિતો અને સૂક્તિઓનું શુદ્ધ ઉચ્ચારણ સાથે વાંચન | |
| Sn613 સાદા, સરળ અને ગેય સુભાષિતો અને ગીતોનું લયબદ્ધ પઠન કરી શકે છે. અને ગાન કરે છે. | • સાદા, સરળ, ગેય સુભાષિતો અને ગીતોનું યોગ્ય પઠન | |
| Sn614 1 થી 12 સુધીની સંખ્યા તેમજ સમયનું વાંચન કરે છે. | • ૧ થી ૧૨ સુધીની સંખ્યાનું પઠન | |
| Sn615 ઘડિયાળમાં પૂર્ણ સંખ્યામાં સમયનું વાંચન કરે છે. | • પૂર્ણ સંખ્યામાં સમયનું પઠન | |
| **લેખન** | | |
| Sn616 સાદા શબ્દોનું અનુલેખન કરે છે. | વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસારના<br>• સાદા શબ્દોનું અનુલેખન | સાદા શબ્દો અને વાક્યોના અનુલેખનની પ્રવૃત્તિ કરાવવી. ખાસ કરીને દેવનાગરી લિપિમાં અક્ષર લેખનનો અભ્યાસ કરાવવો. |
| Sn617 સરળ વાક્યોનું અનુલેખન કરે છે. | • સાદાં વાકયોનું અનુલેખન | • ફ્લેશકાર્ડ્સ અથવા ચાર્ટ્સમાં ભૂલો થવાની સંભાવના હોય તેવા શબ્દો બતાવવા તથા બાદમાં તેનું શ્રુતલેખન કરાવવું.<br>• કંઠસ્થ થયેલા સુભાષિતોના કોઈ ભાગનું લેખન કરાવવાનો અભ્યાસ કરાવવો.<br>• શ્રુતલેખન દ્વારા અંકોને લખવા, જોડી કાર્યમાં શબ્દ લખવાની સ્પર્ધા યોજવી. |
| Sn618 સાદા શબ્દોનું શ્રુતલેખન કરે છે. | • સાદા શબ્દોનું શ્રુતલેખન | |
| Sn619 સરળ વાક્યોનું શ્રુતલેખન કરે છે. | • સરળ વાકયોનું શ્રુતલેખન | |
| Sn620 સાદા પ્રશ્નોના જવાબ એક શબ્દમાં કે નાનાં વાક્યો માં લખે છે. | • સાદા પ્રશ્નોના જવાબનું સંસ્કૃતમાં લેખન | |
| Sn621 1 થી 12 સુધીની સંખ્યા શબ્દોમાં અને અંકોમાં લખે છે. | • ૧ થી ૧૨ સુધીની સંખ્યા લેખન | |
| Sn622 પૂર્ણાંક સંખ્યામાં સમયનું લેખન શબ્દોમાં અને અંકોમાં કરે છે. | • પૂર્ણાંક સંખ્યામાં સમયનું લેખન | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| Sn623 સરળ ગુજરાતી શબ્દો અને સાદાં વાક્યોનો સંસ્કૃતમાં અનુવાદ કરે છે. | • ગુજરાતી શબ્દો અને વાક્યોનો સંસ્કૃતમાં અનુવાદ | • લેખન કાર્યમાં ચોક્સાઈ માટે બુલેટીન બોર્ડમાં સંસ્કૃત ભાષાની સરળ સૂક્તિઓ લખાવવી.<br>• વિદ્યાર્થીઓ અંક કાર્ડ અને શબ્દ કાર્ડને જોડી લેખન કરે. |
| Sn624 ચિત્રોના આધારે તે વસ્તુનું નામ કે ક્રિયા ઓળખે અને સંસ્કૃતમાં લખે છે. | • ચિત્ર અને ક્રિયા આધારિત શબ્દ લેખન | |
| Sn625 ઉદાહરણ અથવા આપેલ નિર્દેશને આધારે સંસ્કૃત ભાષામાં નવા શબ્દો અને વાક્યોની રચના કરે છે. | • નવા શબ્દોનું સર્જન અને લેખન | |
| Sn626 કંઠસ્થ કરેલ સુભાષિત કે પદ્યના કોઈ ભાગનું લેખન કરે છે. | • સુભાષિત કે પદ્ય લેખન | |
| **ભાવાત્મક વિકાસ** | | |
| Sn627 પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુના આધારે ભારતીય સંસ્કૃતિના સનાતન મૂલ્યો અંગે જાગૃત થશે. તેમજ તેના પાલન માટે તત્પરતા કેળવે છે.<br>(જેમકે સત્ય, અહિંસા, નિર્ભયતા, ભ્રાતૃભાવ, વિવેક, સંયમ, શ્રમ, પ્રાણીપ્રેમ, રાષ્ટ્રનિષ્ઠા વગેરે...) | • દીપપ્રાગટ્ય દ્વારા જન્મદિવસની ઉજવણી<br>• રોજબરોજની દિનચર્યામાં શ્લોકોનો સમાવેશ,<br>• મૂલ્ય સંવર્ધન માટેના પૌરાણિક નાટકો.<br>• માતૃ-પિતૃ દિનની ઉજવણી,<br>• મહાપુરુષોના ચરિત્રો કહેવા.<br>• વિદ્યાર્થીની મૂલ્યનિષ્ઠાને સમૂહમાં બિરદાવવી. | • ભારતીય સંસ્કૃતિના સનાતન મૂલ્યોના વિકાસ માટે પ્રાર્થનાસભા, સાંસ્કૃતિક કાર્યક્રમો અને ઉત્સવોની ઉજવણી તથા વર્ગખંડમાં મહાપુરુષોના જીવન પ્રસંગની વાર્તા, નાટ્યીકરણ, સંવાદ, એક પાત્રીય અભિનય અને રોલ પ્લે જેવી પ્રવૃત્તિ કરાવવી. |
| Sn628 પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ સુભાષિતો તેમજ શ્લોકો અંગે સભાનતા કેળવે છે. અને વ્યવહારમાં ઉપયોગ કરે છે. | | |
| Sn629 વિવિધ ઉત્સવોની ઉજવણીમાં ભારતીય પરંપરાઓના પાલન માટે પ્રતિબદ્ધ બનશે. | | |

DRAFT